**<u>ભેસાણનાં મહેરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ : ભેસાણ</u>**

**ફો.કે.નં. ૫૬૩/૨૦૨૩**
**આંક –૦૫**

| | |
|---|---|
| **ફરીયાદી:–** | શ્રી સરકાર |

<u>વિરુધ્ધ</u>

| | |
|---|---|
| **આરોપી:–** | **હુસેનાભાઈ કાળુભાઈ પબડા**<br>**રહે. ભેસાણ, તા. ભેસાણ, જી. જુનાગઢ** |

**<u>ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબ.</u>**

**<u>–: ઠરાવ:–</u>**

આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં આરોપીની કબુલાત પુરસીસ અને આરોપીની પ્લી ધ્યાને લેતા આરોપીએ હાલના ગુન્હાની સ્વૈચ્છાપૂર્વક કબુલાત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપી તેનાં નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

આરોપીની રજુઆત તેમજ કબુલાત ધ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટનાં **સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર. પેઈઝ નં. ૭૦૯** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>– :: હુકમ :: –</u>**

આ કામનાં આરોપીને **<u>ધી કોડ ઓફ ક્રીમીનલ પ્રોસીઝર, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી</u>** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા. ૨૦૦/– (અંકે રુપિયા બસો પુરા)નો દંડનો હુકમ કરવામાં આવે છે.આરોપી દંડ ન ભરે તો દિન– ૦૫(પાંચ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૭ મી માહે ઓકટોબર સને ૨૦૨૩ ની ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભેસાણ
તા.૧૭/૧૦/૨૦૨૩.

(પરેશકુમાર જયંતિલાલ રાયચુરા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ભેસાણ
Code No. GJ01083